# ઊંઝામાં રેશનીંગની દુકાનોમાં ગેરરીતિની શંકા : પુરવઠાતંત્રના આંખ આડા કાન

ઊંઝા, તા. ૧

ઊંઝા તાલુકામાં પુરવઠાતંત્રની નિષ્ક્રિયતાને કારણે પંડિત દિન દયાલ ગ્રાહક ભંડારો યાને રેશનિંગની દુકાનોમાં છેલ્લા ઘણા વખતથી ગેરરીતિઓ ચાલી રહ્યાની બૂમરાણ ઉઠી છે. ઊંઝા તાલુકાના લગભગ તમામ ગામોમાં પંડિત દિનદયાલ ગ્રાહક ભંડાર યાને રેશનિંગની દુકાનો આવેલ છે. જે પૈકી કેટલીયે દુકાનોના સંચાલકો તેઓને ફાળવાયેલ જથ્થાના વિતરણમાં ભારે ગોલમાલ કરી કેટલોક જથ્થો કાળાબજારમાં વગે કરી તગડી કમાણી કરી રહ્યા હોવાનું ચર્ચાય છે.

કહે છે કે, અંત્યોદય, બી.પી.એલ. તથા એ.પી.એલ. કાર્ડ ધારકોને માટે ફાળવાનો કેરોસીન, ચોખા, ઘઉં, તેમજ અન્ય ચીજોનો કેટલોય જથ્થો કાળાબજારમાં પગ કરી જાય છે. મોટાભાગની દુકાનોમાં એક દિવસ પુરતુ જ કેરોસીનનું વિતરણ કરાય છે. કેરોસીન મેળવવા માટે વહેલી સવારથી લાઈનો લાગી જાય છે. બીજુ પરવાનેદારો જાતે દુકાનનું સંચાલિત કરતા નથી અને બીજા વ્યક્તિઓ જ સંચાલન સંભાળતા હોઈ પરવાનાઓનો પણ દુરૂપયોગ થઈ રહ્યો હોવાનું કહેવાય છે. પરિણામે કેટલાક કાર્ડધારકો તેમને મળવાપાત્ર જરૂરી ચીજવસ્તુઓથી વંચિત રહે છે. આમ રેશનિંગની દુકાનોમાં ગેરરીતિઓ સામાન્ય બની ગઈ છે. તાલુકામાં કેટલીક મોડેલ શોપની સ્થિતિ ખરાબ બની છે.

તાલુકા તથા જિલ્લા પુરવઠાતંત્રના અધિકારીઓ દ્વારા રેશનિંગની દુકાનોમાં ફાળવાતો જથ્થો વાસ્તવમાં કાર્ડ ધારકોને મળે છે કે કેમ ? તે અંગે સાચી રીતે કોઈ જ તપાસ થતી નથી. કહે છે કે, તાલુકામાં કેટલીક જગ્યાએ કાળા બજારમાં કેરોસીનનું વિતરણ થાય છે. ટ્રેક્ટરો, રીક્ષાઓ, હોટલો વગેરેમાં તેનો ઉપયોગ થઈ રહ્યાનું કહેવાય છે. આ બાબતે ઉચ્ચકક્ષાએથી રેશનિંગની દુકાનો, કેરોસીનના વિતરકોની ઝીણવટભરી તપાસ થાય તો ઘણી ચોંકાવનારી ગેરરીતિઓ બહાર આવે તેમ છે. આમાં અધિકારીઓના કથિત હપ્તા રાજની વિગતો પણ ખુલ્લી પડી શકે તેમ છે તેવું પ્રજામાં ચર્ચાય છે.

## રાઠોડ (ભોઈ) સમાજનું ગૌરવ

પ્રાંતિજ, તા. ૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ રેલવે સ્ટેશન વિસ્તારમાં



આવેલ વૃંદાવન સોસાયટીમાં રહેતા ભોઈ સમાજના અગ્રણી રાઠોડ ગોવિંદભાઈ કેશવલાલના પ્રપૌત્ર રાઠોડ ભાવેશકુમાર હર્ષદકુમારે બી.એડ.ના સેમિસ્ટર-૨માં ૯૦.૫૫ ટકા ગુણ મેળવી સમગ્ર ભોઈ સમાજનું ગૌરવ વધાર્યુ છે.

# ત્રણ દિવસથી પ્રાંતિજના ખોવાયેલા કિશોરો અમદાવાદ રેલવે સ્ટેશનેથી મળી આવ્યા

## ક્રિકેટ રમવા જવાનું ઘરે કહી સફેદ કબૂતર ખરીદવા અમદાવાદ તો પહોંચી ગયા પણ પછી ભૂલા પડયા : ત્રણ દિવસે ઘરનો ફોન નંબર યાદ આવતા ઘરે ફોન કરી રેલવે સ્ટેશને હોવાનું પિતાને જણાવ્યું

પ્રાંતિજ, તા.૧

પ્રાંતિજમાં ઘરેથી ક્રિકેટ રમવા જઈએ છે તેમ કહીને ત્રણ દિવસથી ગુમ થયેલા બે કિશોરો અમદાવાદ રેલવે સ્ટેશનેથી મળી આવ્યા હતા. સફેદ કબૂતર ખરીદવા અમદાવાદ પહોંચી ગયેલા આ બંને કિશોરો ભુલા પડી ગયા અને ત્રણ દિવસે ઘરનો ફોન નંબર યાદ આવતા ફોન કરીને પિતાને જાણ કરતા રેલવે સ્ટેશનેથી સહી સલામત મળી આવ્યા હતા જેથી વાલીઓ સહિત પોલીસ તંત્રે રાહતનો દમ લીધો હતો.

ગુમ થયેલા બે મુસ્લિમ બાળકોએ એવી કેફિયત પોલીસ સમક્ષ રજૂ કરી હતી કે અમે ક્રિકેટ રમવા ગયા હતા પણ અમને બંનેને સફેદ કબૂતર જોઈતા હતા અને કોઈએ કહ્યું કે અમદાવાદમાં સફેદ કબૂતર મળશે એટલે અમે કોલેજ સ્ટેશનેથી અમદાવાદની બસમાં બેસી ગયા હતા. અમે જે સ્થળે ઉતર્યા ત્યાંથી કબૂતરની શોધ કરવા ગયા પછી પરત આવવા તે સ્થળ મળ્યું નહી અને રખડતા રખડતા રેલવે સ્ટેશન પહોંચી ગયા પરંતુ અમને ઘરનો ફોન નંબર યાદ આવતો નહોતો એટલે ફોન કરી શકયા નહીં ત્રણ દિવસે ઘરનો ફોન નં. યાદ આવવાથી ઘરે ફોન લગાવી પપ્પાને વાત કરી જણાવ્યું હતું કે અમે રેલવે સ્ટેશને છીએ.

બાળકોના પિતાએ તુરંત જ તેમના અમદાવાદમાં રહેતા સગા સંબંધીને રેલવ સ્ટેશન મોકલ્યા હતા અને પોતે પણ પ્રાંતિજ પોલીસને સાથે રાખીને ત્યાં ધસી ગયા હતા અને અંતે બંને બાળકો સહી સલામત ઘરે આવતા તેમના વાલીઓ, સગા સંબંધીઓ અને પોલીસ તંત્રએ હાશકારો અનુભવ્યો હતો. જો કે ત્રણ દિવસ સુધી ઘરનો ફોન નંબર જેમને યાદ નહોતો આવતો તે વાત પોલીસના ગળે ઉતરતી નથી પરંતુ પુછપરછ દરમિયાન કોઈ અન્ય તથ્ય ન જણાતાં પોલીસે બાળકો મળી આવવા બાબતે રાહતનો દમ લીધો હતો.

# ડીસા લૂંટ કેસમાં એક સગીર સહિત ચાર ઝડપાયા

## લુંટારૂ ગેંગનો પર્દાફાશ થતાં બીજા અનેક ગુના ઉકેલવાની આશા

ડીસા, તા. ૧

ડીસા પંથકમાં કેટલાક અસામાજિક તત્વો છેલ્લા ઘણા સમયથી પબ્લિક પ્લેસમાં ગુનાના ઈરાદે વોચ રાખી એકલ-દોકલ વ્યક્તિને નિશાન બનાવી લૂંટ ચલાવતા હતા. જેમાં એક દિવસ અગાઉ એક વ્યક્તિની ધોળા દિવસે માર મારી રૂપિયા પંદર હજારની લુંટ કરાઈ હતી. જો કે પોલીસે ગણતરીના કલાકોમાં લુંટારાઓને ઝડપી પાડી જેલ હવાલે કરેલ છે.

બનાવ અંગેની વિગતો જોઈએ તો બનાસકાંઠાના વહેપારી મથક ડીસામાં થોડા સમયથી કેટલાક લુખ્ખા તત્વોનો આંતક ફેલાયો હતો. આ ટોળકીના છ થી સાત સભ્યોના નિશાન પર હતા એવા 'શિકાર' કે જેમની પાસે મોટી રકમ હોય. આ ટોળકી જાહેર સ્થળોમાં બસ સ્ટેન્ડ, બોટલો અને ભરચક બજારમાં જ પોતાના લુંટ અને ચીલઝડપ જેવા ગુનાહિત કામને અંજામ આપતી હતી. તો વળી, આ ટોળકીનો પસંદગીનો શિકાર એકલ-દોકલ ગ્રામીણ લોકો હતા. આંતક ફેલાવતી આ ટોળકી ગુનાને અંજામ આપી આંખના પલકારામાં રફુચક્કર થઈ જતા શહેરી જનો ભયભીત બન્યા હતા. જ્યારે પોલીસ તેમને શોધવા આકાશ પાતાળ એક કર્યુ હતુ. જો કે એક દિવસ અગાઉ જ આ ટોળકીએ ત્રણ હનુમાન રોડ પાસે આવેલી પિતૃકૃપા ગેસ્ટહાઉસ પાસેથી પસાર થતા હતા ત્યારે ગામના સરપંચ દલાભાઈ ગમનાજી પટેલને પોતાના શિકાર બનાવ્યા હતા. અને હિંસાત્મક રીત રસમ અપનાવી પીડિત સરપંચ દલાભાઈ ગમનાજી પટેલને રોકી માથામાં સોડાની બોટલ મારી લોહી લુહાણ કરી તેમની પાસેના રૂપિયા ૧૫૦૦૦ ની લુંટ ચલાવી હતી. ધોળા દિવસે થયેલી આ લૂંટમાં તે બાદ ફરિયાદ આધારે ડીસા વિભાગના ડી.વાય.એસ.પી. એચ.આર. દેસાઈ, એલ.સી.બી. પોલીસ ઈન્સ્પેક્ટર એ.એચ. ચૌધરી, ગણપતલાલ અને ડીસા ઉત્તર પોલીસ સબ ઈન્સ્પેક્ટર ડી.એ. બારડ, મુકેશ પરમાર, સોમાભાઈ પરમાર, કિરીટસિંહ રાજપૂત, અમરતભાઈની વિવિધ ટીમો તપાસમાં જોડાઈ હતી. જેમાં ઘનિષ્ઠ તપાસ અને ગેસ્ટહાઉસ સી.સી. ટીવી ફુટેજ આધારે પોલીસે આ લુંટ કરનારી ગેંગના આરોપી જીતુ ઉર્ફે ભોડી નાગજીભાઈ ઠાકોર રહે. નહેરૂ નગર ટેકરા, ડીસા, પંછી બાબુલાલ માજીરાણા રહે. નહેરૂનગર ટેકરા, ડીસા, શ્રવણ ઉર્ફે સલ્લુ માલાભાઈ રાવળ રહે. બેકરી કુવા વ્હોલામાં, ડીસાવાળાઓની ધરપકડ કરેલ છે. જ્યારે આ લુંટ ટોળકીમાં સામેલ અને સગીર ઉંમરના આરોપી અજીત કાનાજી ઠાકોર રહે. ટેકરા વાળીની પુછપરછ હાથ ધરેલ છે. આ ટોળકી શહેરમાં અને અન્ય જગ્યાએ અનેકો ગુનામાં સંડોવાયેલી હોવાનું પોલીસ માની રહી છે જેથી અનેકો ગુનાનો ભેદ ઉકેલવાની શકયતા રહેલ છે.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

## પ્રાંતિજમાં ઉઘાડા પગે ચાલતા લોકોને પગરખાં પહેરાવાયા

પ્રાંતિજ, તા.૧

પ્રાંતિજના પૌરાણિક મેલડી માતાના મંદિરેથી ચાલતા મેલડી ઉત્થાન મંડળના સભ્યો દ્વારા ઉનાળાના બળબળતા તાપમાં રસ્તા પર રખડતા રઝળતા માનસિક રીતે અસ્થિર વ્યકિતઓ અને શ્રમજીવી ગરીબોને વિના મૂલ્યે પગરખાનું વિતરણ કરાયું હતું. આ રાહત કાર્ય જય માડી પંકજભાઈ રાવલના હસ્તે મોબાઈલ વાન દ્વારા પ્રાંતિજથી અંબાજી સુધી વિવિધ ટીમો દ્વારા હાથ ધરાયું હતું.

ઉનાળાની આકરી ગરમીમાં પણ અનેક લોકો પરિસ્થિતિના માર્યા ઉઘાડા પગે ચાલવા મજબૂર હોય છે જેથી તેમને પગે ફોલ્લાં પડી જવા તેમજ અનેક રોગોના શિકાર બને છે. આથી આ લોકોને મદદરૂપ થવાનું પુણ્ય કાર્ય મેલડી ઉત્થાન મંડળ દ્વારા હાથ ધરાયું હતું અને આ સેવા યજ્ઞમાં અનેક લોકો સેવા કરવાના હેતુથી જોડાયા હતા.

# પાટીદાર યુવાનોએ વ્યસનમુક્તિ અને બેટી બચાવો અભિયાન હાથ ધર્યુ




(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

## પ્રાંતિજ તાલુકાના પાટીદાર મંચના યુવાનોએ વિવિધ ગામોમાં બાઈકરેલી દ્વારા વ્યસનમુક્તિ અને બેટી બચાવોનો સંદેશ પહોંચાડ્યો

પ્રાંતિજ, તા. ૧

સાંબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પટેલ સમાજના પાટીદાર મંચ દ્વારા સમાજમાંથી વ્યસનની બદીને દૂર કરી નવી પેઢીને ઉજ્જવળ બનાવવાના હેતુથી 'વ્યસનમુક્તિ અભિયાન' તેમજ સમાજમાં સ્ત્રી-પુરૂષની ખોરવાતી જતી સમતુલાને સુધારવા 'બેટી બચાવો અભિયાન' હાથ ધરાયું હતું. આ બંને અભિયાન અંતર્ગત આજે એક સંયુક્ત બાઈકરેલી યોજવામાં આવી હતી અને યુવાનોને વ્યસન છોડવા અને સમાજના લોકોને બેટી બચાવવા અપીલ કરાઈ હતી.

પ્રાંતિજના પાટીદાર મંચ દ્વારા યોજાયેલી આ બાઈક રેલી નેશનલ હાઈવે ત્રણ રસ્તાથી નીકળીને પટેલ સમાજની વસ્તીવાળા ગામો કમાલપુર, અનવરપુરા, ઓરાણ, મજરા, ઘડકણ, કરોલ, તાજપુર, વડવાસા અને કતપુર વગેરેમાં ફરીને પ્રાંતિજની પટેલ સમાજવાડી ખાતે પહોંચી હતી. જ્યાં આ રેલી સભાના સ્વરૂપમાં ફેરવાઈ હતી. આ બાઈકરેલીમાં પાટીદાર સમાજના યુવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા અને વિવિધ બેનરો દ્વારા વ્યસનમુક્તિ અને બેટી બચાવોનો સંદેશ દરેક ગામમાં ફેલાવ્યો હતો. અહીં યોજાયેલી સભામાં સમાજલક્ષી કાર્યો અને સેવાઓ થકી સમાજના હિતની પણ ચર્ચા કરવામાં આવી હતી.

## બિભત્સ વીડિયો ક્લીપીંગ ઉતારનાર શખ્સને ફટકાર

અમદાવાદ, તા.૦૧

અમદાવાદના રામોલ વિસ્તારમાં એક યુવક યુવતીની બીભત્સ ક્લીપીંગ ઉતારતો હતો અને આસપાસના રહીશોને સમગ્ર મામલે જાણ થતાં રહીશોએ જગદીશભાઈ પટેલ નામના યુવકને મેથીપાક ચખાડ્યો હતો.

સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, રામોલ વિસ્તારમાં રહેતો જગદીશ પટેલ નામનો યુવક તેની જ પાડોશમાં રહેતી યુવતીની બીભત્સ ક્લીપીંગ ઉતારતો હતો અને આજે સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો. ત્યારે આસપાસના રહીશોએ યુવકને મેથીપાક ચખાડ્યો હતો. રહીશોએ એટલી હદ સુધી તેને માર્યો કે તેને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવો પડ્યો હતો. પરંતુ આ સમગ્ર મામલે યુવકના પરિવારજનોનો આક્ષેપ છે તેમના પુત્રની આ હાલત કરવા માટે જવાબદાર રામોલ પોલીસ સ્ટેશન છે. આખરે આ મામલામાં યુવક અને યુવતીએ સમાધાન કરી લેવાનું જાણવા મળેલ છે. બન્ને પરિવારની આબરૂ માટે થઈને આખરે આ સમગ્ર મામલાને સમાધાનની દિશામાં લઈ જવામા આવ્યો છે. કોઈ યુવતીની ક્લીપીંગ ઉતારવા જેવી ગંભીર બાબતને બન્ને પક્ષના પરિવારજનો અવગણી રહ્યા છે.

# વિશાલા સર્કલ ખાતેથી એક આરોપી છરી સાથે પકડાયો

## બાતમીના આધારે ઝડપાયેલા શખ્સની ઉંડી તપાસ શરૂ વધુ કેટલીક વિગતો સપાટી પર આવે તેવી પણ સંભાવના

અમદાવાદ શહેર ક્રાઈમબ્રાંચે વિશાલા સર્કલ ખાતેથી એક આરોપીને છરી સાથે ઝડપી પાડી સોજીત્રા ખાતે બનેલ ખુનના ગુનાનો ભેદ ઉકેલવામાં સફળતા મળી છે. પોલીસ ઈન્સપેક્ટર કિરણ પટેલની ટીમના પીએસઆઈ રાજેશ સુવેરાનાઓ સ્કોડના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન વિશાલા સર્કલ પાસેથી એક શખ્સ રાજેશ ઉર્ફે જીતુ ઉર્ફે ચીમનભાઈ તળશીભાઈ તળપદા (ઉં.૩૫) (રહે. ચાંગોદર)ને એક છરી સાથે પકડી પાડીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ આરોપીની પૂછપરછ કરતા તેણે જણાવ્યું છે કે, ઈશ્વર ઉર્ફે માલીયો ચીખલીયા જે મુંબઈ ખાતે રહે છે અને ફુગ્ગા વેચવાનો ધંધો કરે છે તે તેની સાળી રાધા જે સોજીત્રા ખાતે રહે છે તેને આજથી ત્રણેક માસ અગાઉ ભગાડી મુંબઈ જતો રહેલો હતો. જે બાબતે આ રાધાના કુટુંબીજનો તેમજ સગા વહાલાઓને મનદુઃખ હોય સમાધાન કરવા માટે આ ઈશ્વર ઉર્ફે માલીયો તથા રાધાને સમજાવી મુંબઈથી સોજીત્રા ખાતે બોલાવેલ જેથી તેઓ બન્ને જણાં સોજીત્રા મુકામે આવેલાં અને તા.૧૦-૫-૨૦૧૪ના રોજ તેના કુટુંબીજનો તથા સગા સંબંધીઓને ભેગા કરેલ આ વખતે આ છરી સાથે પકડાયેલ રાજેશ ઉર્ફે જીતુ પણ ત્યાં ગયેલો અને સમાજના માણસો વચ્ચે સમાધાનની વાતચીત ચાલતી હતી તે દરમિયાન ઈશ્વર ઉર્ફે માલીયો ઉશ્કેરાઈ ગયેલ અને ગાળો બોલવા લાગેલ જેથી તેની સાથે મુંબઈ ખાતે રહેતો તેનો મિત્ર મનોજ મનજીભાઈ ચીખલીયા ગામે ભીમળાદ તા.બોટાદ જિલ્લો ભાવનગરનો પણ ઉશ્કેરાઈ ગયેલો અને બન્ને વચ્ચે ઝપાઝપી થતાં રાજેશ ઉર્ફે જીતુ પણ તેને મારવા લાગેલ અને ઈશ્વરને પકડી લીધેલ આ દરમિયાન બીજા માણસો પણ તેને ગડદાપાટુનો માર મારવા લાગેલ આ દરમિયાન મનોજ ચીખલીયાએ ઈશ્વર ઉર્ફે માલીયાને છાતીના ભાગે ચપ્પુ મારી દીધેલ જેથી તેને લોહી નીકળવા લાગેલ અને તે નીચે પડી જતા બધા ત્યાંથી ફરાર થઈ ગયા હતા. બાદમાં ઈશ્વર ઉર્ફે માલીયાને ઈજા થયેલ હોય બીજા માણસો તેને સારવાર માટે તારાપુર સરકારી હોસ્પિટલમાં લઈ ગયેલ જ્યાં તેનુ સારવાર દરમિયાન મોત થયેલ. આ વખતે આ મરનાર ઈશ્વરને ચપ્પુ મારનાર મનોજની માતા ચંપાબેને હોસ્પિટલમાં જઈ મરનાર ઈશ્વર ઉર્ફે માલીયાની માતા હોવાનું અને તેને રેલ્વે ટ્રેક પરથી પસાર થતા અકસ્માતે પડી જતાં તેને છાતીના ભાગે ખીલો વાગતા તેનું મોત થયેલાની ખોટી હકકીત જણાવી ખુનના ગુનાને અકસ્માતમાં ખપાવી દીધેલ અને આ બાબતે સોજીત્રા પોલીસ સ્ટેશનમાં અકસ્માત મોત દાખલ થયેલ છે.

## એક ક્લિકથી મળી શકશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગુજરાત પોલીસ દ્વારા ઈ-ગુજકોપ સોફ્ટવેર તૈયાર કરવામાં આવેલું છે. આ સોફ્ટવેર મારફતે ગુજરાત રાજયના દરેક પોલીસ અધિકારીઓ કોઈ પણ ગુનાની સંપૂર્ણ વિગત અને લાસ્ટ સ્ટેટસ જોઈ શકે છે. તે ઉપરાંત તમામ ગુનેગારોનો ફોટો સાથેનો ક્રિમીનલ રેકોર્ડ પણ આ સોફ્ટવેરમાં હોવાથી પકડાયેલા આરોપીની હિસ્ટ્રી ગણતરીની મિનિટોમાં જોઈ શકાય છે. આ ઈ-ગુજકોપ સોફ્ટવેરમાં હવે આર.ટી.ઓ નો ડેટાબેઝ ઈન્સ્ટોલ કરવા તજવીજ ચાલી રહી છે. આ ડેટા મૂકી દેવામાં આવશે ત્યાર બાદ રાજયભરમાં નોંધાયેલા વાહનોના નંબરને આધારે પોલીસ પણ તેના માલિકની સંપૂર્ણ માહિતી એક ક્લિકને આધારે મેળવી શકશે. કોઈ પણ ગુનો બને અને પોલીસ પાસે તે ગુનામાં વપરાયેલા વાહનનો નંબર આવે તો આર.ટી.ઓ પાસેથી પોલીસે વિગત મેળવવી પડે છે. જો આર.ટી.ઓ બંધ થઈ ગઈ હોય તો વાત બીજા દિવસ પર જાય. ત્યાં સુધીમાં આરોપી ક્યાય નીકળી ગયો હોય તેવા કિસ્સાઓ બનેલા છે. પોલીસ એક ક્લિક કરીને વાહન માલિક ની ડીટેઈલ સોફ્ટવેર મારફતે મેળવી શકવા સક્ષમ થઈ જાય તો ડીટેક્શનમાં પણ સમય ઓછો લાગે અને સરળતા રહે. તે ઉપરાંત તમામ ચોરાયેલા વાહનનો ડેટા પણ આ સોફ્ટવેરમાં મૂકી દેવાશે. જેથી બિનવારસી કે આરોપી પાસેથી પકડાયેલા વાહનો પણ ક્યાંથી અને કોના ચોરાયા છે તેની વિગત પળવારમાં મળી શકશે. ચોરીનું વાહન છે કે કેમ તેની ખરાઈ પણ ઝડપભેર થઈ શકશે.

## પારો 3 ડિગ્રી ગગડ્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતું. વળતા ઉનાળે આકરી બનતી ગરમીની અસર નગરના જનજીવન પર સ્પષ્ટ વર્તાઈ રહી છે ત્યારે ચાર પાંચ દિવસથી અસહ્ય બનતી ગરમીથી શહેરીજનો ત્રાહીમામ પોકારી ગયા છે. જો કે આજે તાપમાનમાં નોંધપાત્ર ગિરાવટ જોવા મળી હતી. ગઈ કાલે મહત્તમ તાપમાન ૪૩.૫ ડિગ્રી નોંધાયું હતું જયારે આજે ગરમીનો પારો ૩ ડિગ્રી સુધી નીચે ગગડી જતા મહત્તમ તાપમાન ૪૦.૫ ડિગ્રી નોંધાયું હતું. બીજી તરફ વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધતા નગરજનોએ દિવસ દરમિયાન બફારો અનુભવ્યો હતો વહેલી સવારે આકાશમાં વાદળોનો ઘેરાવો જોવા મળ્યો હતો.

# ૮૫ લાખની ઉચાપત : પેઢીના પાંચ લોકો સામે ફરિયાદ થઈ

અમદાવાદ, તા.૦૧

અમદાવાદ શહેરના રતનપોળ વિસ્તારમાં આવેલ મરચીપોળ સ્થિત સોમાભાઈ રામદાસ નામની આંગડિયાપેઢીના ૮૫ લાખની બારોબાર ઉચાપત કરી લેનાર સામે ફરિયાદ દાખલ થઈ હોવાનો બનાવ સામે આવ્યો છે. આ મામલામાં પેઢીના મેનેજર સહિત પાંચ સામે કાલુપુર પોલીસ મથકમાં ફરિયાદ દાખલ કરાઈ છે. ભાગીદારી પેઢીના એક માલિક કોઈ કારણસર બહાર જતા તેમની ગેરહાજરીનો લાભ ઉઠાવી મેનેજરે તેમના સાથીદારો સાથે મળીને પેઢીમાં ખોટી એન્ટ્રીઓ કરી બારોબાર ૮૫ લાખ રૂપિયા સગેવગે કરી દીધા. ભાગીદારીના માલિક બહારગામથી આવ્યા બાદ તેમણે મેનેજરે કરેલી હિસાબોની એન્ટ્રી જોતા ઉચાપતનું કૌભાંડ સપાટી પર આવ્યું હતું. સુત્રો દ્વારા મળતી વિગત અનુસાર, અમદાવાદના રતનપોળ વિસ્તારમાં આવેલી સોમાભાઈ રામદાસ નામની આંગડીયાપેઢીમાં દશરથભાઈ પટેલ, નલીનભાઈ, રાજુભાઈ અને રામભાઈ ભાગીદાર છે. રાજ્યમાં આ ચારેય ભાગીદારોની અલગ-અલગ પેઢીઓ આવેલી છે. રતનપોળ વિસ્તારમાં આવેલી પેઢીનો વહીવટ નલીનભાઈ સંભાળતા હતા. આ આંગડિયાપેઢીમાં મેનેજર ન હોવાથી આ ચારેય ભાગીદારોના મિત્રના દિકરા ચિરાગને નલીનભાઈએ તેમની પેઢીમાં મેનેજર તરીકે મુક્યો હતો. થોડા સમય પહેલા નલીનભાઈને કોઈ કારણોસર બહારગામ જવાનું થયું હતું જેથી પેઢીનો બધો વહીવટ મેનેજર ચિરાગભાઈ કરતા હતા. નલીનભાઈની ગેરહાજરીનો લાભ ઉઠાવી ચિરાગે તેમના સાથીદાર કમલેશ કાંતિભાઈ, સંજય વિહાંગભાઈ, ભવનેશભાઈ, પારસભાઈને સુચના આપી હતી કે, પેઢીમાંથી તમને નાણાં લેવા માટે બોલાવે ત્યારે નાણાં લઈ આવવા. બાદમાં ચિરાગે પેઢીમાં ખોટી એન્ટ્રીઓ કરી દીધી હતી. જે નામે એન્ટ્રીઓ થઈ અને જ્યાં હવાલા કર્યા હતા ત્યાં નાણાં લેવા માટે ચિરાગના જ રોકેલા માણસો જતા હતા. આમ, કુલ ૮૫ લાખ રૂપિયાની ઉચાપત કરીને ચિરાગભાઈએ તેમના એક મિત્રના બેંક એકાઉન્ટમાં પૈસા જમા કરાવી દીધા હતા. બહારગામથી આવેલ નલીનભાઈએ જ્યારે હિસાબની એન્ટ્રી જોતા તેમને આ ઉચાપતનું કૌભાંડ થયું હોવાનું જાણવા મળ્યું હતું.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

AGL Radhe

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામસ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન